પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૯ | ૨ માર્ચ, ૨૦૨૧, મંગળવાર; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં રસીકરણના બીજા તબક્કાનો પ્રારંભ

## વડાપ્રધાને દિલ્હી સ્થિત એઈમ્સમામાં વેક્સિનનો પ્રથમ ડોઝ લીધા બાદ કોરોના સામેની જંગ મજબૂત બનાવવા તબીબો અને વૈજ્ઞાનિકોનો આભાર માન્યો




નવી દિલ્હી,તા.૧

દેશમાં કોરોના રસીકરણ ચાલી રહ્યું છે અને ૧ માર્ચથી દેશમાં વેક્સીનેશનનો બીજો તબક્કો શરૂ થયો છે. આજે (સોમવાર) સવારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કોરોનાની રસી લીધી છે. પીએમ મોદીએ દિલ્હીની એમ્સમાં કોવિડ-૧૯ વેક્સીનનો પહેલો ડોઝ લીધો છે. રસી લીધા બાદ પીએમ મોદીએ ટ્વિટ કરીને આ વિશે દેશવાસીઓને જાણકારી આપી છે અને ભારતને કોરોના મુક્ત કરવાની અપીલ કરી છે. પીએમ મોદીએ તસવીર શેર કરીને લખ્યું, આજે મેં કોવિડ-૧૯ વેક્સીનનો પહેલો ડોઝ એમ્સમાં લીધો છે. ઉલ્લેખનીય છે કે, આપણા ડૉક્ટર્સ અને વૈજ્ઞાનિકોએ ખૂબ ઓછા સમયમાં કોરોના સામેની વૈશ્વિક જંગને મજબૂત કરવાનું કામ કર્યું છે. જે લોકો યોગ્ય છે તે સૌને હું કોરોના વેક્સીન લેવાની અપીલ કરું છું. આવો સાથે મળીને આપણે ભારતને કોવિડ-૧૯થી મુક્ત કરવામાં યોગદાન આપીએ. પુડુચેરીના સિસ્ટર પી. નિવેડાએ પીએમ મોદીને કોવેક્સિન (ભારત બાયોટેકની રસી) આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

શુભકામનાઓ



નારણભાઈ બકોરભાઈ પટેલ
(ઉનાવા રત્ન)
(જન્મ તારીખ : ૧-૩-૧૯૩૨)
પૂર્વ પ્રમુખશ્રી, વિદ્યાર્થી આશ્રમ - ઉનાવા
ધરતી રત્ન એવોર્ડથી સન્માનિત

આપના જન્મ દિવસે (તા. ૧-૩-૧૯૩૨) ૯૦માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે આપને હૃદયપૂર્વકના અભિનંદન અને નતમસ્તક પ્રણામ... આપના દીર્ઘકાલીન સામાજિક, ધાર્મિક અને શિક્ષણ ક્ષેત્રનું પ્રદાન અમારા માટે હર હંમેશથી પ્રેરણાસ્ત્રોત બની રહેલ છે.

ઉનાવા ગામ અને વિદ્યાર્થી આશ્રમ ઉનાવાના વિકાસકાર્યમાં આપનું બહુમૂલ્ય માર્ગદર્શન અમને મળતું રહેલ છે ત્યારે આપના જન્મદિવસના આ મંગલ દિવસે આપના નિરામય, દીર્ઘાયુષ્ટ અને સુખમય જીવનની શુભકામનાઓ પ્રગટ કરી આપની ચરણવંદના કરીએ છીએ...

લિ.
સમસ્ત ગ્રામજનો અને વિદ્યાર્થી આશ્રમ પરિવાર
ઉનાવા, તા. જી. ગાંધીનગર

## એલપીજી સિલિન્ડરમાં વધુ ૨૫ રૂપિયાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૧

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સબસિડીવાળા ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં પહેલી માર્ચથી એટલે કે આજથી ફરી ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે જ ૧૪.૨ કિગ્રા વજનવાળા એલપીજી ગેસ સિલિન્ડરના ભાવ હવે વધીને ૭૯૪ રૂપિયાથી ૮૧૯ રૂપિયા થઈ ગયા છે. અગાઉ ૨૫ ફેબ્રુઆરીના રોજ પણ એલપીજી ગેસના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

આ તરફ કોલકાતામાં સબસિડીવાળા અને કોમર્શિયલ એમ બંને પ્રકારના ગેસ સિલિન્ડરની કિંમત વધી ગઈ છે. સબસિડીવાળા ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૫ રૂપિયાના વધારા બાદ હવે તેની કિંમત ૮૪૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે જ્યારે કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં પહેલી ડિસેમ્બરથી લઈને અત્યાર સુધીમાં એલપીજી ગેસ સિલિન્ડર ૨૨૫ રૂપિયા મોંઘા થયા છે.

## નૌસેનામાં ત્રીજી સબમરીન INS કરંજ ૧૦મીથી સામેલ

### સબમરીનની તાકાત જોઈને દુશ્મનોનો પરસેવો છૂટી જશે : સ્કોર્પિયન સબમરીન કરંજ દુશ્મનોને ચકમો આપીને ચોક્કસ નિશાન તાકી શકે છે, કરંજની આ ખૂબી ચીન-પાકિસ્તાન જેવા દેશોની મુશ્કેલી વધારી દેશે

નવી દિલ્હી, તા. ૧

ભારતીય નૌસેના ૧૦ માર્ચે મુંબઈ ખાતે ત્રીજી સ્કોર્પિયન શ્રેણીની સબમરીન આઈએનએસ કરંજને સેનામાં સામેલ કરશે. ભારતીય નૌસેનાએ પહેલેથી જ આઈએનએસ કલવરી અને આઈએનએસ ખાંદેરીને સેનામાં સામેલ કરેલી છે. મુંબઈ મઝગાંવ ડૉક શિપબિલ્ડર્સ લિમિટેડ (એમડીએલ) પર સ્કોર્પિયન શ્રેણીની ત્રીજી સબમરીન આઈએનએસ કરંજને ૨૦૧૮ની શરૂઆતમાં લોન્ચ કરવામાં આવી હતી.

આઈએનએસ કરંજ પ્રોજેક્ટ ૭૫ પ્રોગ્રામ અંતર્ગત એમડીએલ દ્વારા બનાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

Vશાલ
SUPER MARKETની આજ
લિજ્જત પાપડ
૧ કિલો
રૂ.૨૪૦/- MRP. ૨૮૨/-
સેક્ટર-૬/કુડાસણ



AB Jewels
Women's Week
Celebration

In Honour of Womanhood,
AB Jewels Presents

Jewel Fest

2nd to 8th March, 2021

FLAT
50%*
Discount on making charges of
Real Diamond Jewelry.

Grab the Opportunity of
exclusive offers
on all jewelry

* Terms & Conditions Apply.

Offer valid only on readymade jewelry & new purchases.

AB Jewels®
feel the Pride!

Siddhi Vinayak Complex, Shivranjani Crossroads,132 ft. Ring Road, Satellite, Ahmedabad-380015.
www.abjewels.com benchmark@abjewels.com 079-40402525
Follow us on @abjewels @abjewelsahmedabad | Sunday Open